આજની પ્રાર્થના....

એનું નામ ફકીર, જેની મેરું જેવડી ધીર, પ્રસન્ન મનથી ભોગવે પોતે, દુઃખીજનોની પીડ.. વિપત્તિથી એ વણસે નહિ ને પીવે સંતોષના નીર...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૨ | ૨ જુન, ૨૦૨૧, બુધવાર; વૈશાખ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ધોરણ-૧૨ CBSC બોર્ડની પરીક્ષા રદ

**મોડી સાંજે વડાપ્રધાનની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો : વિદ્યાર્થી, વાલીઓને રાહત, છાત્રોના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા બેઠકમાં નિર્ણય, માર્કિંગના યોગ્ય માપદંડ હેઠળ પરિણામ તૈયાર કરવામાં આવશે**



નવી દિલ્હી, તા. ૧

સીબીએસઈ ૧૨ મી બોર્ડની પરીક્ષા ૨૦૨૧ પર અંતિમ નિર્ણય લેવામાં આવ્યો છે. મંગળવારે સાંજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠક બાદ કેન્દ્ર સરકાર અને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) એ ૧૨ માં બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ ઘણા સમયથી આની માગ કરી રહ્યા હતા. દિલ્હી સહિત કેટલિક રાજ્ય સરકારોએ પણ ૧૨ મા બોર્ડની પરીક્ષા રદ કરવાની માગ કરી હતી.

નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલે સુનાવણી ચાલી રહી હતી. કોર્ટે કેન્દ્રને કહ્યું હતું કે જો તમે ગયા વર્ષની જેમ પરીક્ષા રદ નહીં કરવાનો નિર્ણય લેશો તો તમે તેના માટે યોગ્ય કારણ આપશો. આજે બેઠક બાદ પીએમ મોદીએ કહ્યું કે વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સીબીએસઈ ૧૨ ની પરીક્ષા રદ કરવાના નિર્ણય અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદી એ કહ્યું હતું કે 'વિદ્યાર્થીઓના આરોગ્ય અને સલામતી એ પહેલી પ્રાથમિકતા છે,જેની સાથે કોઈ સમાધાન થઈ શકે એમ નથી. પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં જે તણાવ ઊભો થયો છે તેનો અંત લાવવો જોઈએ. બધા ભાગીદારોએ આ બાબતમાં સંવેદનશીલતા બતાવવી જોઈએ.

વડાપ્રધાનએ કહ્યું કે કોવિડની સ્થિતિ અસ્થિર છે. દેશના કેટલાક રાજ્યો એવા છે કે જ્યાં માઇક્રો-કન્ટેન્ટ ઝોન બનાવીને ચેપનું પ્રમાણ ઘટાડાઈ રહ્યું છે, કેટલાક સ્થળોએ હજી પણ લોકડાઉન છે. આવી સ્થિતિમાં માતા-પિતા, શિક્ષકો અને વિદ્યાર્થીઓ પોતે પણ તેમના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. આવા તણાવપૂર્ણ વાતાવરણમાં, વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં ભાગ લેવા દબાણ ન કરવું જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

## ડબલ્યુએચઓએ ભારતમાં મળેલા કોરોના વેરિયન્ટ્સને નામ આપ્યા

**બ્રિટનમાં મળેલા વેરિયન્ટને આલ્ફા કહેવામાં આવ્યો છે : ઓક્ટોબર ૨૦૨૦માં મળેલો વેરિયન્ટ B.1.617.2 ડેલ્ટા, B.1.617.1 કપ્પાના નામથી ઓળખાશે**

નવી દિલ્હી,તા.૧

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ની વચ્ચે વિભિન્ન દેશોમાં મળતા નવા વેરિયન્સ્રના નામકરણને લઈ સમસ્યાઓ આવી રહી હતી. સામાન્ય બોલચાલમાં આ વેરિયન્સ્.ને તે દેશોના નામથી પણ બોલાવવામાં આવી રહ્યા હતા, જ્યાંથી તે મળ્યા હતા. તેને લઈને હાલમાં ભારતે આપત્તિ વ્યક્ત કરી હતી. આવી જ રીતે ગયા વર્ષે ચીને પણ કોરોનાને વુહાન વાયરસ કહેવા પર આપત્તિ જાહેર કરી હતી. હવે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ આ સમસ્યાનું સમાધાન શોધી લીધુ છે. કોરોના વેરિયન્ટ્સના નામકરણ ગ્રીક આલ્ફાબેટના આધાર પર કરવામાં આવ્યા છે. ભારતમાં ઓક્ટોબર ૨૦૨૦માં મળેલા વેરિયન્ટ B.1.617.2ને ડેલ્ટા વેરિયન્ટ કહેવામાં આવ્યો છે. આ ઉપરાંત એક અન્ય સ્ટ્રેન B.1.617.1નું નામકરણ કપ્પા કરવામાં આવ્યું છે.

ડબલ્યુએચઓના નામકરણની આ નવી વ્યવસ્થા વ્યાપક ચર્ચા વિચારણા બાદ શરૂ કરવામાં આવી છે. ભારતની જેમ અન્ય દેશોમાં મળેલા વેરિયન્ટના નામકરણ કરવામાં આવ્યા છે. બ્રિટનમાં ૨૦૨૦માં મળેલા વેરિયન્ટને આલ્ફા કહેવામાં આવ્યો છે. દક્ષિણ આફ્રિકામાં મળેલા વેરિયન્ટને બીટા કહેવામાં આવશે. બીજી તરફ બ્રાઝીલમાં મળેલા વેરિયન્ટનું નામકરણ ગામા કરવામાં આવ્યું છે. આવી જ રીતે અમેરિકામાં મળેલા વેરિયન્ટનું નામ પણ રાખવામાં આવ્યું છે. ડબલ્યુએચઓ કોરોનાનાં વેરીયંટના નામ રાખવાની પદ્ધતી તૈયાર કરી ગ્રીક અક્ષરોમાં કોરોનાનાં નામ રાખવામાં આવશે વિવિધ વેરીયંટને દેશનાં નામે ઓળખવા પર ભારતે વિરોધ નોંધાવ્યો હતો આલ્ફા, બીટા, ગામા વગેરે નામ રખાયાનોંધનીય છે કે, મે મહિનાના પહેલા પખવાડિયામાં ભારતમાં મળેલા કોરોના સ્ટ્રેનને ભારતીય કહેવા પર વિવાદ થઈ ગયો હતો.

## બ્રિટનમાં કોરોનાની ત્રીજી લહેરની શરૂઆત

લંડન,તા.૧

ભારતીય મૂળના એક જાણીતા વૈજ્ઞાનિકે એ વાતના સંકેત આપતા ચેતવણી આપી છે કે બ્રિટન કોરોના વાયરસ સંક્રમણની ત્રીજી લહેરના પ્રારંભિક તબક્કામાં છે. આ સાથે જ તેમણે પ્રધાનમંત્રી બોરિસ જ્હોન્સનને ૨૧ જૂનથી લોકડાઉન હટાવવાની યોજનાને થોડા અઠવાડિયા સુધી ટાળવાની અપીલ પણ કરી છે. સરકારના ન્યૂ એન્ડ ઈમર્જિંગ રેસ્પિરેટરી વાયરસ થ્રેટ એડવાઈઝરી ગ્રુપના સભ્ય અને કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર રવિ ગુપ્તાએ કહ્યું કે આમ તો નવા કેસ અપેક્ષા કરતા ઓછા છે પરંતુ કોવિડ-૧૯ના મ.૧.૬૬૭ સ્વરૂપના ઝડપથી વધવાની આશંકાને બળ આપ્યું છે. બ્રિટનમાં રવિવારે સતત પાંચમા દિવસે કોવિડ-૧૯ના ૩૦૦૦થી વધુ નવા કેસ સામે આવ્યા હતા. તે અગાઉ બ્રિટને ૧૨ એપ્રિલ બાદ આ આંકડો પાર કર્યો નથી. રવિ ગુપ્તાએ પ્રધાનમંત્રીને ૨૧ જૂનથી લોકડાઉન હટાવવાની યોજનાને



**ઝડપથી વધી રહ્યા છે કોરોના સંક્રમણના કેસ : ત્રીજી લહેર માટે ભારતને પણ ચેતવણી : ગુપ્તાએ કહ્યું કે બ્રિટન પહેલેથી ત્રીજી લહેરની પકડમાં છે અને ત્રણ ચતુર્થાંશ નવા કેસમાં કોરોના વાયરસનું સ્વરૂપ મળી આવ્યું છે જે ભારતમાં જોવા મળ્યું**

થોડા સમય માટે ટાળવાની પણ અપીલ કરી છે. દેશમાં કોવિડ-૧૯ના કુલ કેસ ૪,૪૯૯,૯૩૯ સુધી પહોંચી ગયા છે. અત્યાર સુધીમાં ૧,૨૮,૦૪૩ લોકોએ કોવિડથી જીવ ગુમાવ્યા છે. ગુપ્તાએ ક હ્યું કે બ્રિટન પહેલેથી ત્રીજી લહેરની પકડમાં છે અને ત્રણ ચતુર્થાંશ નવા કેસમાં કોરોના વાયરસનું એ સ્વરૂપ મળી આવ્યું છે જે ભારતમાં જોવા મળ્યું. તેમણે કહ્યું કે ખરેખર, હાલ તો કેસ ઓછા છે પરંતુ તમામ લહેર ઓછા આંકડાથી જ શરૂ થાય છે, પરંતુ પછીથી તે વિસ્ફોટક બની જાય છે. આથી એ મહત્વનું તત્વ છે કે અહીં જે જોવા મળી રહ્યું છે તે શરૂઆતની લહેર છે. તેમણે કહ્યું કે પરંતુ બ્રિટનમાં જેટલા લોકોને રસી અપાઈ છે તે હિસાબથી કદાચ આ લહેરને ગત લહેરોની સરખામણીએ સશક્ત રીતે સામે આવવામાં સમય લાગશે. દરમિયાન ભારત માટે રાહતના સમાચાર છે કે ૫૪ દિવસ બાદ ભારતમાં કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં સંક્રમિત થનારા લોકો અને મૃત્યુ પામનારા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત કોવિડ-૧૯ એક્ટિવ કેસ પણ ૧૯ લાખથી નીચે છે. દેશમાં સંક્રમિત થનારા લોકોની તુલનામાં સાજા થનારા દર્દીઓની સંખ્યા વધતા એક્ટિવ કેસોમાં ઘટાડો આવ્યો છે. આ ઉપરાંત દેશનો

## કોરોનાના કારણે ૧ કરોડ બેરોજગાર થયા

**સેન્ટર ફોર ઇન્ડિયન ઇકોનોમીના ચીફ એક્ઝિક્યૂટિવએ આંકડા જાહેર કર્યા : મે મહિનામાં બેરોજગારી દર ૧૨ ટકાએ પહોંચી શકે છે જે એપ્રિલમાં ૮ ટકા હતો : કોરોના મહામારીની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં આશરે ૯૭ ટકા પરિવારોની આવક ઘટી ગઈ**

નવી દિલ્હી,તા.૧

કોરોના વાયરસ મહામારીએ અર્થવ્યવસ્થાની કમર તોડી દીધી છે. લેટેસ્ટ આંકડા જણાવે છે કે કોરોનાની બીજી લહેરને કારણે ભારતમાં એક કરોડથી વધુ લોકો બેરોજગાર થયા છે. બીજી તરફ કોરોના મહામારીની શરૂઆતથી લઈને અત્યાર સુધી આશરે ૯૭ ટકા પરિવારોની ઈનકમ ઘટી ગઈ છે.

સેન્ટર ફોર ઈન્ડિયન ઈકોનોમીના ચીફ એક્ઝિક્યૂટિવ મહેશ વ્યાસે આ આંકડા જાહેર કર્યા છે. મહેશ વ્યાસે જણાવ્યુ કે મે મહિનામાં બેરોજગારીનો દર ૧૨ ટકા સુધી પહોચી શકે છે, જે એપ્રિલમાં ૮ ટકા પર હતું.

આ દરમિયાન આશરે એક કરોડ લોકોની નોકરી ગઈ છે, જેનું મુખ્ય કારણ કોરોનાની બીજી લહેર જ છે. મહેશ વ્યાસ અનુસાર, હવે જ્યારે આર્થિક ગતિવિધિઓ ખુલી રહી છે તો કેટલીક તકલીફોથી થશે, પુરી નહી થાય.

મહેશ વ્યાસે જણાવ્યુ કે જે લોકોની નોકરી ગઈ છે, તેમણે પરી રોજગાર ઘણો મુશ્કેલીથી મળી રહ્યો છે. કારણ કે ઈન્ફોર્મલ સેક્ટર તો કેટલીક હદ સુધી રિકવર કરી રહ્યુ છે પરંતુ જે ફોર્મલ સેક્ટર છે અથવા સારી ક્વોલિટીની નોકરી છે, તે વિસ્તારમાં વાપસીમાં હજુ સમય છે.

મહત્વપૂર્ણ છે કે મે ૨૦૨૦માં બેરોજગારીનો દર ૨૩.૫ ટકા સુધી પહોચી ગયો હતો ત્યારે નેશનલ લૉકડાઉન લાગેલુ હતું પરંતુ આ વર્ષે જ્યારે કોરોનાની બીજી લહેર આવી તો ધીમે ધીમે રાજ્યોએ પોતાના સ્તર પર પ્રતિબંધ લગાવ્યા અને જે કામ શરૂ થઇ ગયા હતા તે ફરી બંધ થઇ ગયા. મહેશ વ્યાસ અનુસાર, જો બેરોજગારી દર ૩-૪ ટકા સુધી રહે છે તો તે ભારતીય અર્થવ્યવસ્થા માટે નોર્મલ માનવામાં આવશે. ઝ્રૈંઈ તરફથી આશરે ૧૭.૫ લાખ પરિવારોમાં સર્વે કરવામાં આવ્યો હતો જેમાં પરિવારની ઈનકમને લઈને જાણકારી લેવામાં આવી હતી. કોરોના કાળમાં કેટલાક પરિવારોની ઈનકમ પહેલાના મુકાબલે ઘણી ઓછી થઈ ગઈ છે.


વ્યાસે કહ્યું હતું કે ૩-૪% બેરોજગારી દર આપણી ઈકોનોમી માટે સામાન્ય છે. આગામી સમયમાં બેરોજગારી દરમાં ઘટાડો થશે. ઝ્રૈંઈએ એપ્રિલમાં ૧.૭૫ લાખ પરિવારો પર એક દેશવ્યાપી સર્વે કર્યો હતો.

## દેશમાં ૧.૨૭ લાખ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી,તા.૧

દેશવાસીઓ માટે રાહતના સમાચાર છે કે ૫૪ દિવસ બાદ ભારતમાં કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં સંક્રમિત થનારા લોકો અને મૃત્યુ પામનારા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત કોવિડ-૧૯ એક્ટિવ કેસ પણ ૧૯ લાખથી નીચે છે. દેશમાં સંક્રમિત થનારા લોકોની તુલનામાં સાજા થનારા દર્દીઓની સંખ્યા વધતા એક્ટિવ કેસોમાં ઘટાડો આવ્યો છે. આ ઉપરાંત દેશનો રિકવરી રેટ ૯૨.૧ ટકા પહોંચી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧,૨૭,૫૧૦ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૨,૭૯૫ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે.

## અંજલિ



**સ્વ. એસ. આર. પટેલ**

(સ્વર્ગવાસ તા. ૩૦-૫-૨૦૨૧)

जातस्य ही ध्रुवो मृत्यु - ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

(श्रीमद भगवद गीता - २-२७)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.

(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

ચિર શાંતિ માટે પરમતત્વને પ્રાર્થના સહ
ભાવભીની અંજલિ

કૃષ્ણકાન્ત જહા
તથા
ગાંધીનગર સમાચાર પરિવાર

## મોંઘવારીના કહેર વચ્ચે થોડી રાહત : એલપીજી સિલિન્ડર ૧૨૨ રૂપિયા સસ્તો થયો

ન્યુ દિલ્હી,તા.૧

સરકારે એલપીજી સિલિન્ડરને લઈને થોડી રાહત આપી દીધી છે. સરકારે ૧૯ કિલોવાળા કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૧૨૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે. નવા રેટ ૧ જૂનથી લાગુ થઈ ગયા છે. ૧૪.૨ કિલોગ્રામવાળા ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યો. અગાઉ ૧ મેના રોજ પણ એની કિંમતમાં ૪૫.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

નવેમ્બરમાં દિલ્હીમાં સબસિડી વગરના ગેસ-સિલિન્ડરની કિંમત ૫૯૪ રૂપિયા હતી. ૧ ડિસેમ્બરના રોજ એની કિંમત વધીને ૬૪૪ રૂપિયા થઈ ગઈ હતી. ૧૫ ડિસેમ્બરે ૫૦ રૂપિયાના વધારાની સાથે એની કિંમત ૬૯૪ રૂપિયા થઈ ગઈ હતી. ૪ ફેબ્રુઆરીના રોજ કિંમત ૨૫ રૂપિયા વધીને ૭૧૯ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ હતી.

ત્યાર બાદ ૧૫ ફેબ્રુઆરીએ ફરીથી સિલિન્ડરદીઠ ૫૦ રૂપિયા વધારવામાં આવ્યા હતા. ૨૫ ફેબ્રુઆરીએ પ્રતિ સિલિન્ડર ૨૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. ૧ માર્ચના રોજ ૨૫ રૂપિયાના વધારા બાદ સિલિન્ડરની કિંમત ૮૧૯ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી. ત્યાર બાદ ૧ એપ્રિલના રોજ ૧૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો.

## એક સપ્તાહની અંદર બ્લેક ફંગસની દવા આવી જશે : બાબા રામદેવ

ન્યુ દિલ્હી,તા.૧

યોગ ગુરૂ સ્વામી રામદેવે કરેલા દાવા પ્રમાણે તેઓ ટૂંક સમયમાં જ બ્લેક ફંગસની દવા લઈને આવી રહ્યા છે. પોતાના નિવેદન અંગે ચાલી રહેલા વિવાદ મુદ્દેની વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું કે, તેમણે પોતાની જવાબદારીથી મોઢું નથી ફેરવી લીધું.

સ્વામી રામદેવે જણાવ્યું કે, 'તમામ વિવાદો છતા હું ૧૮ કલાક સેવા કરી રહ્યો છું અને ખૂબ જ જલ્દી, એક સપ્તાહની અંદર બ્લેક ફંગસ, યેલો ફંગસ અને વ્હાઈટ ફંગસની સારવાર આયુર્વેદ દ્વારા આપવાનો છું. કામ થઈ ચુક્યું છે અને પ્રક્રિયા ફાઈનલ સ્ટેજમાં છે. અમે હજુ પણ ફંગસની દવા બનાવી રહ્યા છીએ.' સ્વામી રામદેવે જણાવ્યું કે, આઈએમએ ન તો કોઈ સાયન્ટિફિક વેલિડેશનની બોડી છે, ન તેમના પાસે કોઈ લેબ છે, ના તેમના પાસે કોઈ વૈજ્ઞાનિકો છે. આઈએમએ એક એનજીઓ છે.




## કેન્દ્રીય શિક્ષણ મંત્રી નિશંકને દિલ્હી એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા

ન્યુ દિલ્હી,તા.૧

કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ નિશંકને કોરોના



વાયરસથી ઉભર્યા બાદ થનાર સમસ્યાઓને લઈ દિલ્હી સ્થિત અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનમાં દાખલ કરાયા છે. એમ્સ અધિકારીઓની તરફથી મંગળવારના રોજ આ વાતની માહિતી આપી. રમેશ પોખરિયાલ નિશંકને કોરોના વાયરસથી સાજા થયા બાદ ૯મી મેના રોજ એઈમ્સમાંથી ડિસ્ચાર્જ કરાયા હતા. ત્યારબાદ તેમણે ટ્વિટર પર ડૉકટર્સની ટીમનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે લખ્યું કે કોરોના વાયરસ સંક્રમણના લીધે એમ્સ દિલ્હીમાં પોતાની સારવાર થયા બાદ હેમખેમ ઘરે વાપસી પર એમ્સના કોવિડ ડૉકટર્સની ટીમનો હૃદયપૂર્વક ધન્યવાદ અને વિનમ્રતાપૂર્વક આભાર.